


# ૫૬ કરોડનો નવસારીનો ટાઉન હોલ ચમક ગુમાવી રહ્યો છે

**થાંભલાઓ** પર ગ્લૂ વડે ચોંટાડેલા કાગળો, ગંદકી અને અનિયમિત જાળવણી

**ગમે** ત્યારે એર કન્ડિશન સિસ્ટમ પણ બંધ પડી જાય છે



નવસારી: નવસારીમાં કરોડોના ખર્ચે ઊભો કરાયેલો આધુનિક ટાઉનહોલ આજે ઉપયોગના અભાવે અને બેદરકારીના કારણે ચર્ચાનો કેન્દ્ર બન્યું છે. આશરે ૫૬ કરોડ રૂપિયાના ખર્ચે બનાવાયેલ આ ભવ્ય ઈમારતનો ઉદ્દેશ શહેરને વિશ્વસ્તરીય સુવિધાઓ આપવાનો હતો, પરંતુ હકીકતમાં તે હેતુ પૂરું થતો જોવા મળતો નથી.

સ્થાનિક સ્તરે ચર્ચા છે કે ટાઉનહોલમાં મોટા જાહેર કાર્યક્રમો અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઓછી જોવા મળે છે, જ્યારે મર્યાદિત મિટિંગો અને ખાનગી કાર્યક્રમો સુધી જ તેનો ઉપયોગ સીમિત રહી ગયો છે. જેના કારણે જનતાના પૈસાથી બનેલી આ સુવિધા પૂરતી રીતે લોકો માટે ઉપયોગી બની નથી. આ ઉપરાંત ઈમારતની અંદરની હાલત પણ પ્રશ્નો ઉભા કરે છે. થાંભલાઓ પર ગ્લૂ વડે ચોંટાડેલા કાગળો, ગંદકી અને અનિયમિત જાળવણી જેવી બાબતો નવા ટાઉનહોલની સુંદરતા પર અસર કરી રહી છે. જાહેર મિલકત પ્રત્યે જવાબદાર વર્તનના અભાવ અંગે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સુવિધાઓના સંચાલનમાં પણ ખામીઓ સામે આવી છે. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન એર કન્ડીશનિંગ સિસ્ટમ બંધ પડી જતા ઉપસ્થિત લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મેન્ટેનન્સ માટે બહારથી સ્ટાફ બોલાવવાની ફરજ પડતા વ્યવસ્થાપન અંગે સવાલો ઊભા થયા છે. નવસારીમાં અગાઉ પણ કેટલાક પ્રોજેક્ટ્સ યોગ્ય આયોજન અને સંભાળના અભાવે નિષ્ફળ રહ્યા હોવાની ચર્ચા છે. હાલની સ્થિતિ જોતા ટાઉનહોલ પણ તે જ માર્ગે આગળ વધી રહ્યો હોવાનો અંદાજ વ્યક્ત થઈ રહ્યો છે. શહેરવાસીઓ હવે તંત્ર પાસેથી અપેક્ષા રાખી રહ્યા છે કે આ ભવ્ય ઈમારતનો યોગ્ય ઉપયોગ થાય અને તેની સંભાળ માટે તાત્કાલિક અસરથી કડક પગલાં લેવામાં આવે, જેથી કરોડો રૂપિયાનો આ પ્રોજેક્ટ વાસ્તવમાં જનહિતમાં સાબિત થઈ શકે.

# બસમાં વિદ્યાર્થિનીની છેડતી કરનાર વૃદ્ધને 5 વર્ષની કેદ

**નવસારીના** ઇમરાન બીલીમોરિયાને લોકોએ મેથીપાક આપી પોલીસને સોંપ્યો હતો

વલસાડ : વલસાડમાં બસમાં વિદ્યાર્થીનીની છેડતી કરનાર વિકૃત વૃદ્ધને લોકોએ મેથીપાક આપી પોલીસને સોંપી દીધો હતો. જેના વિરુદ્ધ વલસાડની સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણી હાથ ધરતા સરકારી વકીલ ભરત પ્રજાપતિ અને નવીન પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજે આરોપીને 5 વર્ષની કેદ અને રૂ. 50 હજારના દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો છે.

નવસારીમાં રહેતો અને વલસાડ એફસીઆઇ ગોડાઉનમાં કામ કરતો ઈમરાન હુસેન બીલીમોરીયા (ઉં. 60) રોજ બસમાં વલસાડ આવતો હતો. વલસાડમાં બસમાં ચઢી બસમાં ભીડનો લાભ લઈ ઈમરાને સગીર વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કર્યા હતાં. જેના પગલે તરૂણીએ બુમરાણ મચાવતા ડ્રાઈવર બસને ધરમપુર રોડ પર અટકાવી દીધી હતી. ત્યારે આ ઈમરાન ભાગવા જતા સ્થાનિક લોકોએ તેને પકડી મેથીપાક આપ્યો હતો અને ત્યારબાદ વલસાડ સીટી પોલીસને સોંપતા સીટી પોલીસે તેના વિરુદ્ધ પોકસો અને છેડતીનો ગુનો દાખલ કર્યો હતો. આ કેસ વલસાડની સેસન્સ કોર્ટમાં ચાલતા જજે વૃદ્ધ આરોપીને 5 વર્ષની કેદ અને રૂ. 50 હજારના દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો છે.

# તામિલનાડુની 48 લાખની ચોરીનો ભેદ ઉકેલતી વલસાડ LCB

**ચોરીના** રોકડા 15 લાખ રિકવર કરવામાં આવ્યા

વાપી : તામિલનાડુ રાજ્યના કોઈમ્બતુર જિલ્લામાં આવેલી એક એન્જિનિયરિંગ કોલેજમાં થયેલી રૂ. 48 લાખની મોટી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચને (LCB) મોટી સફળતા મળી છે. પોલીસે આ મામલે ચોરીના રૂ. 15,00,000 રોકડા રિકવર કરીને એક સગીરની અટકાયત કરી છે.

ઘટનાની વિગત મુજબ, ગત તા. 14/04/2026 ના રોજ કોઈમ્બતુર જિલ્લાના કિન્નાથુકડાવુ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એન્જિનિયરિંગ કોલેજમાં અજ્ઞાત ચોરોએ ત્રાટકીને ઓફિસમાંથી રૂ. 48 લાખની રોકડ ચોરી કરી હતી. આ મામલે કિન્નાથુકડાવુ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 331(4) અને 305(એ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલવા સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના હેઠળ LCB પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શનમાં ટીમો કાર્યરત હતી.

તપાસ દરમિયાન LCB ના પોલીસ કોન્સ્ટેબલ વાલજીભાઈ ચૌહાણ અને પીયુષ ઠાકોરને મળેલી સંયુક્ત બાતમીના આધારે, પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરને શોધી કાઢ્યો હતો. આ સગીરની પૂછપરછમાં ચોરીનો ભેદ ખુલ્યો હતો અને તેની પાસેથી ચોરીના મુદ્દામાલમાંથી રૂ. 15 લાખ રોકડા રિકવર કરવામાં આવ્યા છે. સગીરે કબૂલાત કરી હતી કે તેણે તેના અન્ય સાથીદારો રાજ મનોહર પવાર (રહે. ઉમરગામ), મિથુન સરફીલાલ ભારતિયા (રહે. ઉમરગામ) અને બબન રાજકુમાર (રહે. મુંબઈ) સાથે મળીને આ ચોરીને અંજામ આપ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી રાજ મનોહર પવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેની સામે અગાઉ ઉમરગામમાં બે ગુના તેમ જ મહારાષ્ટ્રના સાંગલી અને મધ્યપ્રદેશના રતલામમાં પણ ઘરફોડ ચોરીના ગુનાઓ નોંધાયેલા છે.

## પારડીના કલસરમાં આખલાની લડાઈથી નાસભાગ



અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના કલસર બે માઈલ પાસે બે આખલા યુધ્ધે ચઢતા સ્થાનિકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. મુખ્ય માર્ગ પર લડાતા આખલાને કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા હતાં. આખલાઓ બાખડતાં માર્ગના સાઇડે પાર્ક કરેલ વાહનોને અડફેટે લીધા હતાં. સ્થાનિકોએ આખલાને છુટા પાડવા ભારે જેહમત કરી હતી. પરંતુ યુધ્ધે ચઢેલા આખલાએ કલસર બે માઈલ રોડને બાનમાં લીધું હતું. ભારે જેહમતે સ્થાનિકોએ બંને આખલાઓને છુટા પાડ્યા હતાં.

# તેજલાવના તત્કાલીન પોસ્ટ માસ્તરને 21 વર્ષે કેદની સજા

**સરકારી** ચોપડે હિસાબમાં ગરબડ કરનાર પોસ્ટ માસ્તરને ૧૫,૦૦૦નો દંડ

ઘેજ: ચીખલી તાલુકાના તેજલાવ ગામની પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ દરમિયાન નવીનભાઈ રમણલાલ પટેલે (રહે.,તેજલાવ દેસાઈવાડ તા.ચીખલી) એ તા.૮/૧/૨૦૦૫થી તા.૯/૨/૨૦૦૬ દરમિયાન પોસ્ટના ત્રણેક જેટલા ખાતેદારોની પાસબુકમાં કુલ ૧૦,૩૯૬ રૂપિયાની રકમ જમા કર્યાની નોંધ સાથે સિક્કા મારી આપી જે નાણાં સરકારી દફ્તરે જમા નહીં કરી, રજિસ્ટરમાં ખોટો હિસાબ દર્શાવી પોતાના ઉપયોગ વાપરી નાંખી ઉચાપત કરી હોવાની ચીખલી પોસ્ટ ઓફિસના તત્કાલીન ઈન્સ્પેક્ટર દ્વારા ફરિયાદ નોંધાવાતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસ અત્રેની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં આરોપી, સાહેદોનાં નિવેદનો નોંધી પબ્લિક પ્રોસિક્યુટર આર.બી. ખામકર તથા સરકારી વકીલ યોગેશભાઈ પટેલની આરોપી વિરુદ્ધ ધારદાર રજૂઆતના અંતે ન્યાયાધીશ વિજયકુમાર ચૌહાણ દ્વારા તેજલાવ પોસ્ટ ઓફિસના તત્કાલીન પોસ્ટ માસ્તર નવીન રમણલાલ ધોડિયા પટેલ (રહે.,તેજલાવ દેસાઈવાડ તા.ચીખલી)ને એક વર્ષની સખત કેદની સજા અને અલગ અલગ કલમમાં કુલ રૂ.૧૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.



## માલેગામ ઘાટમાં પિકઅપ વાન ખાડામાં ખાબકી

સા પુતારા : ડાંગના મા લેગામ ઘાટમાં ફરી એક વખત અકસ્માતની ઘટના બની છે. આજરોજ મહારાષ્ટ્રનાં પુણે તરફથી અમદાવાદ તરફ જઈ રહેલ નવી નકોર ટાટા યોદ્ધા પીકઅપ ગાડી જે સાપુતારાથી શામ ગહાનને જોડતા રાષ્ટ્રીય ધો રી માર્ગનાં માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા માર્ગની સાઈડનાં ખાડામાં ખાબકતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટાટા યોદ્ધા પીકઅપ ગાડીને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલકને નાની મોટી ઈજાઓ પોહચતા તેનો ચમત્કારિક બચાવ થયો છે.

# ખેરગામમાં તુવેરની દાળ પાડવા હાથઘંટીની પરંપરા હજી જીવંત

**મશીનમાં** દળાતી દાળમાં વધુ પડતી ગરમીને કારણે તેના કુદરતી પોષક તત્ત્વો અને સ્વાદ નાશ પામે છે : બબલીબેન



ખેરગામ : આજનો યુગ ટેક્નોલોજી અને મશીનરીનો યુગ છે, જ્યાં મિનિટ્સમાં કામ પૂરું કરવા માટે આધુનિક ઉપકરણો ઉપલબ્ધ છે. પરંતુ નવસારી જિલ્લાના ખેરગામના વેણ ફળિયામાં રહેતાં બબલીબેન પરસોત્તમભાઈ પટેલ (ઉં.૭૦) આજે પણ આપણી જૂની પરંપરાને વળગી રહ્યાં છે. તેઓ આજે પણ તુવરની દાળ પાડવા માટે કોઈ આધુનિક મશીનનો નહીં, પણ પથ્થરની અસલ હાથઘંટીનો ઉપયોગ કરે છે.

બબલીબેન જણાવે છે કે, મશીનમાં દળાતી દાળમાં વધુ પડતી ગરમીને કારણે તેના કુદરતી પોષક તત્ત્વો અને સ્વાદ નાશ પામે છે. જ્યારે હાથઘંટીમાં ધીમી ગતિએ દળાતી (ભધવામાં આવતી) દાળનો સ્વાદ અને મીઠાશ અકબંધ રહે છે. વહેલી સવારે ઘંટીના પથ્થરના ઘૂમતા અવાજ સાથે દાળ બનાવવાની આ પ્રક્રિયા તેમની જીવનશૈલીનો એક ભાગ બની ગઈ છે.

## સાદડવેલમાં સીડી ચઢતાં પટકાયેલા શ્રમિકનું મોત

ઘેજ: ચીખલીના સાદડવેલ ગામે દમણગંગા વોટર પ્રોજેક્ટની ટાંકીમાં કલર કામ કરવા સીડી પર ચડતાં શ્રમજીવીનું નીચે પટકાતાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિત્ય અનુસાર ચીખલીના સાદડવેલ ગામે સુગર ફેક્ટરીની પાછળ આવેલા દમણગંગા વોટર પ્રોજેક્ટ પ્લાન્ટવાળી જગ્યામાં ટાંકી આવેલી હોય, જે ટાંકીને કલર કામ કરવા માટે રમેશભાઈ અમરાભાઈ પગી (ઉં.વ.૪૧) (રહે.,૩૦૬, માચી ફળિયું, દલવાડા ગામ, તા.શહેરા, જિ.પંચમહાલ) શુક્રવારે બપોરે સીડી ઉપર ચડી રહ્યા હતા. દરમિયાન સીડી ઉપરથી પગ લપસી જતાં થાપાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા થતાં ૧૦૮ની મદદથી સારવાર અર્થે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

# ચીખલીમાં ફળોના રાજાની સુરક્ષા માટે પોલિથિન બેગનું કવચ ચઢાવાયું

**ગત વર્ષ** કરતા ઓછી પણ ઉચ્ચ ગુણવત્તાવાળી કેરી બજારમાં મૂકવા માટે ખેડૂતોની મહેનત



ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી તાલુકાના ઘેજ ગામના મોટા ડુંભરિયામાં પાટીદાર ખેડૂતે ફળોના રાજાની સલામતી માટે પોલિથિન બેગનું આવરણ ચઢાવ્યું છે.

ચીખલી: દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ લોકો જેની આતુરતાથી રાહ જોતા હોય છે તે ફળોના રાજા કેરીનું આગમન બજારમાં શરૂ થઈ ગયું છે. જો કે, આ વર્ષે વાતાવરણમાં વારંવાર થયેલા ફેરફાર અને પ્રતિકૂળ સંજોગોને કારણે ગત વર્ષની તુલનામાં ઉત્પાદન ઓછું રહેવાની શક્યતા છે. આ સંજોગોમાં ખેડૂતોને કેરીના સારા ભાવ મળે તેવી આશા જાગી છે, ત્યારે ચીખલી તાલુકાના ઘેજ ગામના એક પ્રગતિશીલ ખેડૂતે પાકને બચાવવા માટે અનોખી પદ્ધતિ અપનાવી છે. ઘેજ ગામના મોટા ડુંભરિયા વિસ્તારના એક પાટીદાર ખેડૂતે પોતાની વાડીમાં કેરીના ફળની ગુણવત્તા જાળવી રાખવા માટે દરેક ફળ પર પોલિથિન બેગનું વિશેષ આવરણ ચઢાવ્યું છે. આ પદ્ધતિનો મુખ્ય હેતુ કેરીને જીવાત, ફૂગ અને 'ચીકટો' જેવી બીમારીઓથી સુરક્ષિત રાખવાનો છે. પોલિથિન બેગના કારણે ફળ સીધા વાતાવરણ કે જીવાતના સંપર્કમાં આવતા નથી, પરિણામે કેરી એકદમ સુરક્ષિત અને 'ચોખ્ખીચણાંક' રહે છે. આ નવતર પ્રયોગથી ફળની કુદરતી ચમક જળવાઈ રહે છે અને ડાઘ-રહિત પ્રીમિયમ ગુણવત્તાને કારણે બજારમાં ઊંચા ભાવ મળવાની પૂરી શક્યતા રહે છે.

# નવસારી ચપ્પુ કાંડના આરોપીઓ પોલીસને ચકમો આપી રહ્યા છે

**ઈમરાન** તૈયબને વધુ સારવાર માટે સુરત ખસેડવો પડ્યો

નવસારી: નવસારીના વિરાવળ રિંગ રોડ પર બનેલા જીવલેણ ચપ્પુ હુમલાના કેસમાં ચોંકાવનારી હકીકત સામે આવી છે– ઘટનાને બે દિવસ વીતી ગયા હોવા છતાં આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. જૂની અદાવતમાં થયેલા આ હુમલાએ શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, 14 એપ્રિલની મોડી રાત્રે વિરાવળ નાકા નજીક 'હિંદ ચા-નાસ્તા' દુકાન પાસે ઈમરાન તૈયબ શેખ પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. જીમ ટ્રેનર અનિલભાઈ વિરાસના મિત્ર ઈમરાન પર પૂર્વ રંજિશ રાખીને આસીફ ઉર્ફે ફૂટ પઠાણ, કિશન દુબે અને એક અજાણ્યા શખ્સે અચાનક તૂટી પડી ચપ્પુ વડે આડેધડ ઘા ઝીંક્યા હતા.

લોહીલુહાણ હાલતમાં ઈમરાનને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો અને બાદમાં વધુ સારવાર માટે સુરત હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. તેની હાલત ગંભીર હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

આ બનાવ અંગે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે, છતાં મુખ્ય આરોપીઓ હજુ સુધી હાથમાં આવ્યા નથી. પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ તેજ કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ આરોપીઓ સતત પોલીસને ચકમો આપી રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

આ ઘટનાએ શહેરમાં ભય અને અસુરક્ષાનો માહોલ ઊભો કર્યો છે. સ્થાનિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે, ગંભીર ગુનાના આરોપીઓ જો આટલા દિવસ સુધી ફરાર રહે તો સામાન્ય નાગરિકોની સુરક્ષા કેટલી મજબૂત છે?

# ચૂંટણી માટે વલસાડમાં નવી બે ચેકપોસ્ટ બનાવાઈ



**દારુબંધીના** અમલ માટે ઠેર ઠેર દરોડા

વલસાડ : વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ વલસાડ ડિવિઝન પોલીસે સઘન કાર્યવાહી શરૂ કરી છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી પોલીસે દેશી અને વિદેશી દારૂનો લાખોનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે વિવિધ સ્થળોએ દરોડા પાડી દેશી દારૂના 230 કેસ નોંધ્યા છે. આ કાર્યવાહીમાં રૂ. 1.66 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિદેશી દારૂના 108 કેસમાં પોલીસે 56,780 બોટલ દારૂ જપ્ત કર્યો છે. તેની અંદાજિત કિંમત રૂ. 93.90 લાખ આંકવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને વલસાડ ડિવિઝનમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવાઈ છે. અગાઉની એક ચેકપોસ્ટ ઉપરાંત બે નવી ચેકપોસ્ટ ઊભી કરીને 24 કલાક સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

## વાપીના છીરીમાં યુવતીની છેડતી કરનાર સામે ગુનો

વાપી: વાપી નજીકના છીરીમાં રહેતો ગણેશ રાકેશ ગુપ્તાએ મોપેડ લઈ યુવતીનો પીછો કરી તેને લગ્ન કરવાનું પૂછ્યું હતું. જો કે, તે સમયે યુવતીએ ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા ગણેશે યુવતીનો હાથ પકડી લીધો હતો અને છેડતી કરી હતી. આ ઘટના અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.

## 30 એપ્રિલે ડાંગ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

સાપુતારા 18-04-2026 મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને, ડાંગ જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને, લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોનું નિવારણ થાય ત્યાં સુધી જિલ્લા કક્ષાએ કલેકટર ડાંગના અધ્યક્ષપણા હેઠળ, કલેકટર કચેરી, આહવાના સભાખંડમા "ફરિયાદ નિવારણ કાર્યક્રમ" યોજાશે. આથી જિલ્લાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે, સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમના પ્રશ્નો ઓનલાઇન કે ઓફલાઇન સ્વીકારવામાં આવે છે. જે 20 એપ્રિલ સુધી મોકલી આપવા તંત્ર તરફથી જણાવવામાં આવ્યું છે.


અખાત્રીજની શુકનવંતી ખરીદી આપના શુકનવંતા જ્વેલર્સને ત્યાંથી જ કરો, અને તે પણ મજુરીમાં 50% છૂટ સાથે

5.9 % મજૂરી પ્લેન ગોલ્ડ જ્વેલરી

9.9% મજૂરી કલકતી, એન્ટીક, પોલકી, જડાઉ, હેરિટેજ

આજે રવિવારે અખાત્રીજ હોવાથી શોરૂમ ચાલુ રહેશે.

R.A. Parikh Jewellers NX

ચીખલી-બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા.(પૂર્વ) મો.98255 58181